ગાંધીનગર સમાચાર

આરોગ્ય વિભાગ દ્વારા દસ રોગોને લઈ ખાસ હાઉસ ટુ હાઉસ સર્વે કરાશે

# ફિક્સ પગારદાર કર્મચારીઓને દિવાળી ભેટ

## રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના સીધી ભરતીથી ફરજ બજાવતા કર્મચારીઓને ખાસ ભથ્થુ આપવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૨૩

રાજય સરકારના વર્ગ૩ અને વર્ગ૪ના તમામ સંવર્ગ પરની જગ્યાઓ પર સીધી ભરતીથી ફરજ બજાવતા કર્મયોગીઓને તેમને મળતા ફીક્સ પગાર ઉપર ખાસ ભથ્થું આપવાનો તેમજ તેમની સેવાની શરતોમાં સુધારો કરવાનો કર્મયોગી કલ્યાણ નિર્ણય કર્યો છે.

મુખ્ય મંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રૂા. ૭,૧૦૦/નો માસિક ફીકસ પગાર મેળવતા કર્મચારીઓને રૂા. ૧,૯૦૦/નું ખાસ ભથ્થું આપીને તેમનો પગાર રૂા. ૯,૦૦૦/ કરવામાં આવ્યો છે, રૂા. ૭,૮૦૦/નો માસિક ફીકસ પગાર મેળવતા કર્મચારીઓને ખાસ માસિક ભથ્થું રૂા. ૨,૨૦૦/ આપીને તેમનો પગાર રૂા. ૧૦,૦૦૦/ કરવામાં આવ્યો છે તેમજ રૂા. ૧૩,૫૦૦/ માસિક ફીકસ પગાર મેળવતા કર્મયોગીઓના માસિક ખાસ ભથ્થામાં રૂા. ૧,૫૦૦/નો વધારો કરી રૂા. ૧૫,૦૦૦/ માસિક પગાર કરવામાં આવ્યો છે તથા રૂા. ૧૩,૭૦૦/નો માસિક પગાર મેળવતા આવા કર્મયોગીઓના ખાસ માસિક ભથ્થામાં રૂા. ૧,૮૦૦/નો વધારો કરીને તેમનું માસિક વેતન રૂા. ૧૫,૫૦૦/ કરવામાં આવ્યું છે.

૧લી ઓકટોબર, ૨૦૧૫થી લાભ મળવાપાત્ર થશે. આ ફીકસ પગાર મેળવતા કર્મયોગીઓના ખાસ ભથ્થા ઉપર વાર્ષિક રૂા. ૧૫૦૦/નો વધારો કરાશે.

શ્રીમતી આનંદીબહેને ફીકસ પગાર મેળવતા કર્મયોગીઓના મુસાફરી ભથ્થા અને દૈનિક ભથ્થામાં પણ રૂા. ૭૦ થી રૂા. ૧૪૦નો વધારો કર્યો છે.

આવા ફીકસ પગાર મેળવતા કર્મયોગીઓને તબીબી સારવારના લાભો પતિ, પત્ની અને બાળકોના કિસ્સામાં મળી રહે તે માટે 'મા વાત્સલ્ય ની પેટર્ન મુજબ 'મા કર્મયોગી યોજના શરૂ કરીને લાભ અપાશે એટલું જ નહીં, ફીકસ પગારના કર્મચારીને સમાન કે ઉપલી જગ્યાનો હવાલો સોંપવામાં આવે તેવા કિસ્સામાં તેને મળવાપાત્ર મહેનતાણાના પાંચ ટકા/ દશ ટકા વધારાનું મહેનતાણું મળશે. કોઈ ચોક્કસ વધારાની કામગીરી ના કિસ્સામાં તેમને અન્ય કર્મચારીઓ માફક જ જરૂરી મહેનતાણું મળવાપાત્ર થશે.

# ગાંધીનગર જિલ્લાના ખેડૂતોમાં ફૂલોની ખેતીનો વધતો ક્રેઝ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ખેડૂતોમાં ફૂલોની ખેતીનો ક્રેઝ વધી રહ્યો છે. જિલ્લાની ૮૫૦ હેક્ટરથી વધુ જમીનમાં ખેતી દ્વારા ૮૨૧૭ મેટ્રીકટન ફૂલોનું ઉત્પાદન થાય છે. જ્યારે આ પૈકી ૭૦૦ હેક્ટર જમીનમાં માત્ર ગલગોટાનું વાવેતર થાય છે. જેના આધારે ખેડૂતો ૬૮૫૪ મેટ્રીક ટન ગલગોટાનું ઉત્પાદન કરે છે. ખેડૂતોને ફૂલોના પોષણક્ષમ ભાવ મળતા વાવેતર અને ઉત્પાદનમાં બમણો વધારો થયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકો ફૂલોની ખેતીમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

દર વર્ષે ઓક્ટોબર માસથી નવરાત્રી-દશેરા-દિવાળી જેવા ધાર્મિક તહેવારો અને લગ્ન સિઝનના કારણે સતત ચાર માસના ગાળામાં ફૂલોની માંગમાં અને મુલ્યમાં અનેક ગણો વધારો થાય છે. આ પરિસ્થિતિનો લાભ મેળવી ખેડૂતોમાં ગુલાબ અને ગલગોટાની ખેતી કરવાનો ક્રેઝ ઘણા વર્ષોથી વધ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૮૫૦ હેક્ટરથી વધુ જમીનમાં ફૂલોની ખેતી દ્વારા ૮૨૧૭ મેટ્રીકટન ફૂલોનું ઉત્પાદન થાય છે. સૌથી વધુ ૭૦૦ હેક્ટર જમીનમાં ગલગોટાનું વાવેતર કરી ૬૯૮૫૪ મેટ્રીકટન ગલગોટા ઉત્પાદન જિલ્લાના ખેડૂતો કરે છે. જિલ્લાના દહેગામ અને ગાંધીનગર તાલુકાના ખેડૂતોએ ફૂલોની ખેતી અપનાવીને ઓછા ખર્ચે વધુ પોષણક્ષમ ભાવો મળતા છેલ્લા દસ વર્ષમાં ફૂલોના વાવેતર અને ઉત્પાદનમાં બમણો વધારો થયો છે.



● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બિલ્લી પગે શિયાળાનુ આગમન

## વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો ઠંડીનો ચમકારો એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી ગગડ્યુ

ગાંધીનગર તા ૨૩

શહેરમાં નવરાત બાદ ગુલાબી ઠંડી અનુભવી રહયા છે. સાંજ ઢળતા જ શહેરમાં ઠંડીનો



બિલ્લી પગે ઠંડીનુ આગમન થઈ ગયુ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળી રહયો છે. પરંતુ ઠંડીનો પારો ગગડતા નગરજનો ચમકારો વર્તાય છે. છેલ્લા એક અઠવાડીયામાં જ લઘુત્તમ પારો ૧૦ ડી ગ્રી ગગડયો છે. જયારે આજે પણ ન્યુન્તમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણી ગટર વેરાની બાકી વસુલાત માટે ૪ હજારને નોટીસ અપાશે

## નોટીસ આપવાનુ શરૂ તંત્ર દ્વારા ઝુંબેશને અસરકારક બનાવવા પ્રયાસ

ગાંધીનગર તા ૨૩

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાતની નબળી કામગીરી બાદ બાકીદારો પાસેથી વેરો વસુલવા તંત્ર દ્વારા નોટીસ આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. સેકટરો તેમજ શહેરી વિસ્તારના ગામોમાં અંદાજિત ૪ હજાર જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવશે. જેના અંતે વેરો નહીં ચુકવનારા પાસેથી રકમ વસુલવામાં આવશે. તંત્ર દ્વારા અગાઉ પણ પાવડો કોદાળી સાથે વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી આમછતા તંત્રના

● અનુસંધાન પાન-૭ પર

# આરોગ્ય વિભાગ દ્વારા દસ રોગોને લઈ ખાસ હાઉસ ટુ હાઉસ સર્વે કરાશે

## ૩૧મી ઓક્ટોબરથી સર્વે શરૂ થશે : ૩૫થી વધુ પ્રશ્નો રોજના ૩૦ ઘરોમાં સર્વે કરવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૩૧મી ઓક્ટો.થી આખા રાજ્યમાં આરોગ્ય વિષયક સર્વેની કામગીરીનો આરંભ થશે.

૩૫થી વધુ પ્રશ્નો દરેક ઘરના સભ્યોને પુછી આ સર્વે હાથ ધરાશે જેમાં અંધત્વ નિવારણ, મેલેરિયા, ડેન્ગ્યુ, ટી.બી., વિકલાંગતા, રકતપિત્ત, ડાયાબીટીસ, બી.પી. જેવા રોગોને આવરી લઈ આખી પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં આવી છે.

આ સર્વેની કામગીરી બે થી ત્રણ માસના ગાળા દરમ્યાન પૂર્ણ કરી આખા રાજ્ય માટે અલાયદી આરોગ્ય નીતિ તૈયાર કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોનું કહેવું છે.

● અનુસંધાન પાન-૭ પર

રોટરી કલબ દ્વારા આયોજીત

શ્વાસ-દમ, મગજના રોગો, પેશાબના રોગો માટે વિનામૂલ્યે નિદાન કેમ્પ

જરૂરિયાતવાળા દર્દીને કેમ્પમાં કોમ્પ્યુટરાઈઝ્ડ મશીનથી ફેફસાંની તપાસ મફત કરી આપવામાં આવશે

મગજ-ચેતાતંતુના રોગો માટે
માથાનો દુઃખાવો, લકવો-પક્ષઘાત, યાદશક્તિ ઓછી થવી, હાથપગની ધ્રુજારી, ખેંચ-વાઈ, મગજનો ટીબી, હાથપગમાં ઝણઝણાટી, નશોની નબળાઈ, ચક્કર, ગરદન અને કમરના મણકાની તકલીફો, સાયેટીકા

પેશાબ-કિડનીના રોગો માટે
કિડની, પેશાબની નળી, મૂત્રાશયની પથરી, પ્રોસ્ટેટ કેન્સરની તપાસ, પેશાબનો કન્ટ્રોલ ન રહેવો, પુરુષ વંધ્યત્વની તપાસ, શિશ્ન વાંકુ હોવું, શિશ્નમાં ગાંઠ હોવી, પેશાબની નળી જન્મથી ન હોવી, એક્સીડન્ટથી પેશાબની નળી તૂટી જવી.

તા. ૨૫-૧૦-૨૦૧૫, રવિવાર સવારે ૯ થી ૧૨

હાઈટેક હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા તપાસ

ડો. જયંત ત્રિવેદી
M.D. Repiratory Medicine
ફેફસાંના રોગોના નિષ્ણાંત

ડો. દેવશી વિસાણા
M.D. Neurology
મગજ-ચેતાતંતુના નિષ્ણાંત

ડો. અનિકેત પંડ્યા
M.D. DNB Urology
કીડની-પથરીના નિષ્ણાંત

કેમ્પસનું સ્થળ :
Rotary
રોટરી કલબ ઓફ ગાંધીનગર
ફીઝીયોથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨, પંચદેવ મંદિર પાસે, ગાંધીનગર

નામ નોંધાવવા માટે સંપર્ક
હાઈટેક હોસ્પિટલ - (ઘ-૧ાા સર્કલ, સેક્ટર-૩) ૦૭૯-૨૩૨૪૦૫૫૫

કેમ્પમાં આવનાર દર્દીએ જૂના રીપોર્ટ તથા દવા સાથે લાવવા જરૂરી છે.

# સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમાનું ૩૧મીએ અનાવરણ


## સ્વર્ણિમ પાર્કમાં 'ઘ' રોડના પ્રવેશદ્વાર નજીક સરદાર સાહેબની પ્રતિમાનું મુખ્યમંત્રીના હસ્તે અનાવરણ થશે

ગાંધીનગર, તા. ૨૩

આગામી ૩૧મી ઓક્ટોબરના રોજ ગાંધીનગર શહેરના સ્વર્ણિમ પાર્કમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૩૦ ફૂટ ઊંચી પ્રતિમાનું રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે અનાવરણ કરાશે.

ગુજરાતના પનોતા પુત્ર સરદાર પટેલની આ પ્રતિમા સરદાર સરોવર ડેમ પર મુકવામાં આવનાર પ્રતિમાની ડુપ્લીકેટ હશે. સંપૂર્ણ કાંસ્ય ધાતુમાંથી તૈયાર કરાયેલ આ પ્રતિમાના અનાવરણ પ્રસંગને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં આ પ્રતિમા અનાવરણ પ્રસંગે ૬ જુદા જુદા સ્થાનોએથી ત્રણ હજારથી વધુ બાળકો દ્વારા સરદાર સાહેબની વેશભૂષા સાથેની પ્રભાત ફેરી નિકળશે અને તે બધી જ સ્વર્ણિમ સંકુલ ખાતે આવશે.



શહેરની ૧૨થી પણ વધુ શાળાઓના બાળકો આ પ્રભાતફેરીમાં જોડાવાના છે. આ ઉપરાંત આ સ્વર્ણિમ સંકુલમાં એક નાનકડી નાટિકા પણ સરદાર જીવનની ઝાંખી કરાવતી રજુ કરવામાં આવનાર છે.

સ્વર્ણિમ પાર્કમાં આ પ્રતિમા મુકવા અંગેના સ્થળની પસંદગી પણ થઈ ચુકી છે. ટાઉનહોલની સામે આ પાર્કમાં ઘ-માર્ગના પ્રવેશદ્વારની નજીક આ પ્રતિમા મુકાશે.

આમ 'ચ' રોડ પરના દરવાજા નજીક ડૉ. આંબેડકરની પ્રતિમા અને 'ઘ' માર્ગ પરના પ્રવેશદ્વાર નજીક સરદાર સાહેબની પ્રતિમા મુકાશે.

મળતી વિગતો મુજબ આખા રાજ્યમાં ૩૧ ઓક્ટો.થી ૬ નવેમ્બર સુધી સરદાર સપ્તાહની ઉજવણી પણ કરવામાં આવશે. જે અંતર્ગત નાટ્ય શૉ, વક્તત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ગાંધીનગરનું ગૌરવ-અભિનંદન



ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠિત કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોના રાષ્ટ્રપતિ ભવનમાં અદ્દભૂત ગરબાની પ્રસ્તુતિ અને રાજયકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાના અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ શ્રી ભાવિન પટેલ અને ટીમના તમામ કલાકારોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ... ભાવિન પટેલના નેતૃત્ત્વમાં સૌ કલાકારો ઉત્તરોત્તર પ્રગતિ કરી ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધારો એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.

અર્જુનસિંહજી વાઘેલા
મેનેજીંગ ટ્રસ્ટી

યુવરાજસિંહ વાઘેલા
આચાર્યશ્રી

श्री प्रतापसिंहजी हिन्दी विद्यालय
Arjun Ashram English Medium School
બાશ્રી ચંચળબા પ્રાથમિક વિદ્યાવિહાર, કોલવડા


Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧



સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com